ક્રમાંક: અ/જમન/૧૪/ ૨૯૪-૯૫ /૨૦૨૧-૨૨,

મુખ્ય વન સંરક્ષકની કચેરી,
વલસાડ વન વર્તુળ "વન ભવન",
ફોન નં.૦૨૬૩૨-૨૪૦૧૧૦,
ઇ-મેલ-ccfvalsad16@gmail.com,
વલસાડ, તા૦૮/૦૬/૨૦૨૧.

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

વિષય:- Proposal for widening of Construction of R.O.B. (railway over Bridge) Approaches on LC-No.71 Mumbai-Delhi Traffic route of western Railway of Valsad District on Malav Vankas Road Ch;4.780 Diversion of Area-0.936 ha. (Reserved forest)

સંદર્ભ:- (૧) આપશ્રીની કચેરીનાં પત્રાંક: જમન/૩૧/બ/૪૫૪-૫૬, તા.૧૯/૦૪/૨૦૨૧.
(૨) નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ દક્ષિણ વન વિભાગ, વલસાડનાં પત્રાંક: જમન/ટે.૧૧/અ/૨૧૮, તા. ૦૭/૦૬/૨૦૨૧.

સાદર નિવેદન કે, ઉપરોકત વિષયની દરખાસ્તમાં આપશ્રીના સંદર્ભ - ૧ ના પત્રથી ઉપસ્થિત કરેલ ૧ થી ૩ મુદ્દાની સ્પષ્ટતા નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ દક્ષિણ વન વિભાગના સંદર્ભ - ૨ ના પત્રથી નીચે મુજબ કરવામાં આવેલ છે. જે વિદિત થાય.

| ક્રમ | ક્ષતિ | પુર્તતા |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧ | યુઝર એજન્સી દ્વારા માંગણી કરવામાં આવેલ મોજે: મલાવ, રીઝવ ફોરેસ્ટના સર્વે નં.૧૬૩નો ઉલ્લેખ જણાતો નથી. જેથી જાહેરનામામાં સ્પષ્ટ દર્શાવવું. | સદરહુ માંગણીવાળો વિસ્તાર હાલના રેકર્ડ મુજબ ઉમરગામ તાલુકાના મોજે: મલાવ ગામના રીઝવ ફોરેસ્ટ સર્વે નં. ૧૬૩ વાળી જમીનમાં આવે છે. જે સર્વે નંબરનું પણ હાલમાં પ્રમોલગેશન થયેલ હોય તેના નવા ૪ હિસ્સા પડતા સર્વે નંબર ૧૯૭,૧૯૯,૫૭૦,૫૭૧ ઉપસ્થિત થયેલ છે. આ ૪ (ચાર) નવા સર્વે નંબરોની ૭×૧૨ ની નકલ મેળવી રજુ કરેલ છે. દરખાસ્તમાં બોમ્બે સ્ટેટ સમયનું જુનું સને ૧૮૭૯નું જાહેરનામું સામેલ રાખેલ છે. જેમાં તે સમયના સર્વે નંબરનો ઉલ્લેખ કરેલ છે. જેથી જાહેરનામામાં સ.નં. ૧૬૩નો ઉલ્લેખ જણાતો નથી. (ત્રણ નકલમાં સામેલ છે.) |

| | | |
|---|---|---|
| ૨ | યુઝર એજન્સી દ્વારા રીઝર્વ ફોરેસ્ટ વિસ્તારની માંગણી કરવામાં આવેલ છે તેમ છતાં ડિમાન્ડ લેટર તથા અન્ય એનેક્ષરમાં પ્રોટેકટેડ ફોરેસ્ટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ઉપરાંત નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા તૈયાર કરવામાં આવેલ પાર્ટ-II માં પણ પ્રોટેકટેડ ફોરેસ્ટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેથી દરખાસ્તમાં સામેલ તમામ એનેક્ષરમાં સુધારો કરવો. | દરખાસ્તના તમામ એનેક્ષરોમં પ્રોટેકટેડ ફોરેસ્ટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેને સુધારી રિઝર્વ ફોરેસ્ટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. |
| 3 | એનેક્ષર-૨૫ માં માંગણીવાળો વિસ્તાર કઇ સેન્ચ્યુરી/નેશનલ પાર્કથી ખરેખર કેટલા કિ.મી. દુર છે તેના અંતર સાથેનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહે છે. દરખાસ્તમાં સામેલ એનેક્ષર- ૨૫ માં સેન્ચ્યુરી/નેશનલ પાર્કન ઉલ્લેખ કરી ખરેખર અંતર દર્શાવી રીવાઇઝ એનેક્ષર -૨૫ સાદર કરવું. | એનેક્ષર-૨૫ માં આપવાનું થતું પ્રમાણપત્ર નવેસરથી બનાવી સાદર કરેલ છે. (ત્રણ નકલમાં સામેલ છે.) |

આ સાથે નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ દક્ષિણ વન વિભાગ, વલસાડના સંદર્ભ-૨ના પત્રની નકલ સામેલ છે. અને તેની સાથે આપશ્રીના સંદર્ભ-૧ ના પત્રથી પરત કરવામાં આવેલ અસલ ત્રણ પ્રતો પેટામાં સામેલ રાખી સાદર કરવામાં આવે છે. જે વિદિત થાય.

મુખ્ય વન સંરક્ષક
વલસાડ વન વર્તુળ
વલસાડ

નકલ રવાના: નાયબ વન સંરક્ષકશ્રી, વલસાડ દક્ષિણ વન વિભાગ, વલસાડ તરફ તેમની કચેરીના ઉકત સંદર્ભ-૨ અન્વયે જાણ સારૂ.